પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૨૮ | ૧૮ જુલાઈ, ૨૦૧૭, મંગળવાર ; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પ્રધાનમંત્રીને પુષ્પગુચ્છ નહી આપવાની સૂચના

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વાગતમાં પુષ્પગુચ્છ નહી આપવાની ગૃહ મંત્રાલયે તમામ રાજય સરકારોને સુચના આપી છે. હાથરૂમાલ કે પુસ્તકથી સ્વાગત કરવા જણાવ્યું છે.

### મધ્યપ્રદેશ સરકાર જયોતિષ માર્ગદર્શન કેન્દ્ર શરુ કરશે

મધ્યપ્રદેશ સરકાર જયોતિષ માર્ગદર્શન માટે તાલુકા મથક સુધી જયોતિષ સહાય કેન્દ્રો શરુ કરી રહી છે. આર્થિક-શારિરીક-માનસિક મુંઝવણ અનુભવતા નાગરિકોને માત્ર પાંચ રૂપિયામાં માર્ગદર્શન આપવાની સરકારની યોજના છે.

### જુની નોટો માટે હવે કોઈ તક નહી

સુપ્રિમ કોર્ટે જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો જમા કરવાની એક તક આપવાના સુપ્રિમ કોર્ટના સુચન સામે કેન્દ્ર સરકારે અસંમતિ દર્શાવી છે. સુપ્રિમમાં કરાયેલ એફીડેવીટમાં જણાવ્યુ છે કે એક પણ તક આપવાથી નોટબંધીનો હેતુ જળવાશે નહીં.

### આવકવેરા વિભાગમાં અધિકારીઓની વ્યાપક બદલીઓ


આવકવેરા મંત્રાલય દ્વારા કમિશનર કક્ષાના ૩૨૫ ઉચ્ચ અધિકારીઓની મોડી સાંજે બદલી કરાઈ હતી. બે યાદીમાં કરાયેલા હુકમોમાં દેશભરમાં ધરખમ ફેરફારો કરાયા હતા.

### શશીકલાની સરભરા ભારે પડી

જયલલિતાના નિકટના સાથી શશીકલાના બેંગ્લોર જેલવાસ દરમિયાન અપાતી સુવિધા અધિકારીઓ માટે ભારે પુરવાર થઈ છે. જેલ વિભાગના ડીઆઈજી રૂપા, જેલ ડીજી સત્યનારાયણ સિંગ સહિત ચાર અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે.

# રાષ્ટ્રપતિપદે કોવિંદ નિશ્ચિત

**રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન સંપન્ન : ૨૦મીએ મતગણતરી થશે : રામનાથ કોવિંદ અને મીરાકુમારની વચ્ચે સીધી સ્પર્ધા : નરેન્દ્ર મોદી, અમિત શાહ, મનમોહનસિંહ, સોનિયા ગાંધી સહિતના તમામે મતદાનમાં ભાગ લીધો**




નવી દિલ્હી,તા. ૧૭


દેશના ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે આજે સાનુકુળ વાતાવરણમાં મતદાન યોજાયું હતું. આ વખતે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદ અને કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષના ઉમેદવાર મીરાકુમાર વચ્ચે સીધી સ્પર્ધા છે. મતદાન સાંજે પાંચ વાગે પૂર્ણ થયા બાદ હવે મતગણતરી ૨૦મી જુલાઈના દિવસે દિલ્હીમાં થશે જ્યાં જુદા જુદા રાજ્યોના પાટનગરથી મતપેટીઓ લાવવામાં આવશે.સંસદના બંને ગૃહોમાં સાંસદોના મતદાન માટે વ્યવસ્થાકરવામાં આવી હતી જ્યારે રાજ્ય વિધાનસભાઓમાં ત્યાંના ચુંટાયેલા સભ્યોએ મતદાન કર્યું હતું. આંકડાઓની દ્રષ્ટિએ કોવિંદ હોટફેવરિટ દેખાઈ રહ્યા છે પરંતુ પરિણામ ૨૦મીના દિવસે જાહેર થશે અને દેશના ૧૪માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ બનશે કે પછી મીરાકુમાર બનશે તે અંગેનો ફેંસલો થશે. આજે સવારેથી જ મતદાનને લઈને અભૂતપૂર્વ ઉત્સાહ રહ્યો હતો. અગાઉ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે

● અનુસંધાન પાના - ૭ પર

# ઉપરાષ્ટ્રપતિપદ માટે વૈંકયા નાયડુ એનડીએના ઉમેદવાર

**ગોપાલકૃષ્ણ ગાંધી સામે સીધી સ્પર્ધા થશે : આગામી મહિને ઉપરાષ્ટ્રપતિ માટેની ચૂંટણી : ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો**





નવીદિલ્હી, તા.૧૭

માહિતી અને પ્રસારણ પ્રધાન તેમજ શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુને ભાજપે ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા છે. આજે મોડી સાંજે આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પક્ષની સંસદીય બોર્ડની બેઠક સાંજે છ વાગે શરૂ થઈ હતી. વિધિવત જાહેરાત ત્યારબાદ ભાજપ પ્રમુખ અમિત શાહ દ્વારા કરવામાં આવી હતી. આગામી મહિનામાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાનાર છે. સરકારની તરફેણમાં સ્પષ્ટ મત અને આંકડા દેખાઈ રહ્યા છે. નાયડુને દેશના ઉપરાષ્ટ્રપતિ બનાવવાની તૈયારી કરી લેવામાં આવી છે. આગામી મહિનામાં હમીદ અન્સારીની અવધિ પુરી થઈ રહી છે. હમીદ અન્સારી બે અવધિ સુધી ઉપરાષ્ટ્રપતિ રહ્યા હતા. રાષ્ટ્રપતિની ચૂંટણીની જેમ જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પણ મહત્વપૂર્ણ બનનાર છે. અને આમા પણ સીધી સ્પર્ધા થનાર છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં નાયડુ ૧૮ વિરોધ પક્ષોના સંયુક્ત ઉમેદવાર ગોપાલકૃષ્ણ ગાંધી સામે મેદાનમાં ઉતરશે. પાર્ટી સુત્રોનું કહેવું છે કે, નાયડુ યોગ્ય ઉમેદવાર છે. કારણ કે તેમની પાસે ઉપલાગૃહમાં ચેરમેન તરીકે રાજ્યસભાને ચલાવવાની વધારાની જવાબદારી રહેશે. અત્રે નોંધનીય છે કે, આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સાનુકુળ વાતાવરણમાં મતદાન યોજાયું હતું. આ વખતે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદ અને કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષના ઉમેદવાર મીરાકુમાર વચ્ચે સીધી સ્પર્ધા છે. મતદાન સાંજે પાંચ વાગે પૂર્ણ થયા બાદ હવે મતગણતરી ૨૦મી જુલાઈના દિવસે દિલ્હીમાં થશે જ્યાં જુદા જુદા રાજ્યોના પાટનગરથી મતપેટીઓ લાવવામાં આવશે.સંસદના બંને ગૃહોમાં સાંસદોના મતદાન માટે વ્યવસ્થાકરવામાં આવી હતી જ્યારે રાજ્ય વિધાનસભાઓમાં ત્યાંના ચુંટાયેલા સભ્યોએ મતદાન કર્યું હતું.

# પાકિસ્તાનનો ફરી ભીષણ ગોળીબાર

**એક જવાન શહિદ : ગોળીબારમાં એક બાળકીનું મોત, ત્રણને ઇજાઓ થઇ : રાજૌરી સેક્ટરમાં ફરજ બજાવતા જવાન મુદસર શહીદ : યુદ્ધવિરામનો ભંગ કરીને સતત ગોળીબારથી વિસ્ફોટક સ્થિતિ : લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા**

શ્રીનગર,તા. ૧૭

જમ્મુ કાશ્મીરના ભીમબર ગલી સેક્ટરમાં અંકુશ રેખા ઉપર ભારત અને પાકિસ્તાનના જવાનો વચ્ચે ભીષણ ગોળીબાર થઈ રહ્યો છે. આજે સવારથી જ ગોળીબારનો દોર શરૂ થયો હતો. પાકિસ્તાની સેનાએ યુદ્ધ વિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ભારતીય જવાન શહીદ થયો હતો. શહીદ જવાનની ઓળખ મુદસર અહેમદ તરીકે થઈ છે જે જમ્મુ કાશ્મીરમાં ત્રાલ સેક્ટરનો નિવાસી હતો. મુદસર અહેમદ રાજૌરી સેક્ટરમાં ફરજ ઉપર હતા. રાજૌરીમાં મંજાકોટે સેક્ટર સાથે જોડાયેલી સરહદ નજીક પણ પાકિસ્તાની સેનાએ જોરદાર ગોળીબાર કર્યો છે જેમાં અહેમદ શહીદ થયા હતા. બીજી બાજુ પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના પરિણામ સ્વરુપે સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. પૂંચ સેક્ટરમાં એક બાળકીનું પણ મોત થઈ ગયું છે. આજે યુદ્ધવિરામના ભંગ અને સરહદ પર ગોળીબારના મુદ્દે બંને દેશોના ડીજીએમઓ વચ્ચે વાતચીત થઈ હતી. પાકિસ્તાની ગોળીબારના કારણે રાજૌરી સેક્ટરમાં એક મહિલાને ઈજા થઈ હતી. રાજૌરીના ડીડીસીએ કહ્યું છે કે, પાકિસ્તાની સેના દ્વારા કરાયેલા ગોળીબારમાં બ સામાન્ય લોકોને ઈજા થઈ છે. સ્કૂલોને બંધ કરી દેવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોને સુરક્ષિત સ્થળે લઈ જવાયા છે. સંરક્ષણ મંત્રાલયના કહેવા મુજબ પાકિસ્તાની સેનાએ કોઈપણ ઉશ્કેરણી વગર અંકુશરેખા ઉપર ભારતીય ચોકીને ટાર્ગેટ બનાવીને આજે ગોળીબાર કર્યો હતો. સવારે ૭.૩૦ વાગે આ ગોળીબાર શરૂ થયો હતો. અંકુશ રેખા પર યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાન દ્વારા ગોળીબાર

● અનુસંધાન પાના - ૭ પર

# ગોળીબાર વચ્ચે ભારત-પાકના ડીજીએમઓ વચ્ચે મંત્રણા

**અંકુશ રેખા ઉપર ગોળીબાર, તંગદિલી પર ચર્ચા : ત્રાસવાદીની ઘુસણખોરી રોકવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો ભારતીય ડીજીએમઓએ દાવો કર્યો**

શ્રીનગર, તા. ૧૭

અંકુશરેખા ઉપર ભીષણ ગોળીબાર વચ્ચે આજે સવારે બંને દેશોના ડીજીએમઓ વચ્ચે વાતચીત થઈ હતી. સ્થિતિની ચર્ચા કરવામાં આવી હતી. અંકુશરેખા ઉપર ગોળીબાર અને બંને પક્ષો વચ્ચે તંગદિલીનો મુદ્દો વાતચીતમાં છવાયો હતો. પાકિસ્તાનના ડીજીએમઓ દ્વારા ફોન કરીને માહિતી આપવામાં આવી હતી. સેના દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ અંગેની માહિતી આપવામાં આવી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આજે બંને દેશોના ડીજીએમઓ દ્વારા પારસ્પરિક વાતચીત થઈ હતી. પાકિસ્તાની સેનાના ડીજીએમઓ દ્વારા ભારતની કાર્યવાહીમાં માર્યા ગયેલા ચાર પાક સૈનિકોનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ભારતીય સેના તરફથી કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં કુંપવારા સેક્ટર સાથે જોડાયેલી સરહદ ઉપર પોકમાં એક નાગરિકનું પણ મોત થયું છે. ભારતીય સેનાના ડીજીએમઓ દ્વારા સ્પષ્ટ જવાબ અપાયા હતા.

# આસામમાં હજુ ૨૨૦૦૦ અસરગ્રસ્તો રાહત કેમ્પમાં

**અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : દસ લાખ લોકોના ઘર પાણીમાં ગરકાવ : મોતનો આંકડો ૬૧ ઉપર પહોંચ્યો નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયેલા હોવાથી રોગચાળો ફાટવાની દહેશત**

ગુવાહાટી, તા. ૧૭

આસામમાં પુરની સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે પરંતુ હજુ પણ ૧૧૮ રાહત કેમ્પમાં ઓછામાં ઓછા ૨૨૦૦૦ લોકો આશ્રય લઈ રહ્યા છે. આશરે ૧૦ લાખ લોકોના ઘર હજુ પાણીમાં ડુબેલા છે. આસામમાં પુરના કારણે દક્ષિણ સલમારા, ધુબ્રી અને મોરીગાવમાં હાલત સૌથી વધારે ખરાબ થયેલી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સ્થિતીમાં સુધારો થવામાં હજુ સમય લાગી શકે છે. હવે રોગચાળાની દહેશત પ્રવર્તી રહી છે. ૩૧ હજાર લોકો માટે ૩૬૩ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. વરસાદના લીધે લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્કમાં પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદ અને પુરના કારણે રાજ્યમાં ૭૯૦૦૦ હેક્ટરથી વધારે વિસ્તારમાં પાકને નુકસાન થયુ છે. નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. હવે રોગચાળાની દહેશત પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. બચાવ અને રાહત કામગીરીમાં સુરક્ષા દળોની મદદ લેવામાં આવી રહી છે.

● અનુસંધાન પાના - ૭ પર

# મુંબઈ એરપોર્ટથી લશ્કરનો કુખ્યાત ત્રાસવાદી ઝડપાયો

**સલીમ મુઝફ્ફરાબાદમાં ત્રાસવાદી કેમ્પમાં ટ્રેનિંગ લઇ ચુક્યો છે : લુકઆઉટ નોટિસના આધારે ધરપકડ**

ઉત્તર પ્રદેશ એટીએસ અને મહારાષ્ટ્ર પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. આ બંનેના સંયુક્ત ઓપરેશનમાં લશ્કરે તોઈબાના કુખ્યાત આતંકવાદી સલીમ ખાનને પકડી પાડવામાં સફળતા મળી છે. મુંબઈ વિમાની મથકથી તેને પકડી લેવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશ પોલીસ સલીમને ૨૦૦૮થી શોધી રહી હતી. થોડાક દિવસ પહેલા ફૈઝાબાદથી ધરપકડ કરવામાં આવેલા આઈએસઆઈ એજન્ટ આફતાબની પુછપરછમાં સલીમના સંદર્ભમાં માહિતી મળી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Craayons
Pre-School & Activity center
GIVING EVERY CHILD AN ACCESS TO EARLY CHILDHOOD EDUCATION!
ADMISSION OPEN
Day Care
Play Group
Nursery
Junior KG
Senior KG
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Appartment,
Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com